જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૨/૨૦૨૦ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૩૪/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૬૦ | 3 | ૧૧૦૬૩ | ૧૭૧૯૧ | 3 | ૧૭૧૯૪ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૮૩ | ૦ | ૪૬૮૩ | ૬૨૦૬ | ૦ | ૬૨૦૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૩૯૪૪ | ૨૧૨ | ૨૪૧૫૬ | ૨૫૧૪૮ | ૨૧૯ | ૨૫૩૬૭ |
| કુલ | | ૩૯૭૪૯ | ૨૧૫ | ૩૯૯૬૪ | ૪૮૮૦૫ | ૨૨૨ | ૪૯૦૨૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૭ | ૧૪,૬૧,૦૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૭૦૮ | ૩૭,૦૮,૦૦૦/- |

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૫/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૨૯૮ લીટર દેશી દારૂ, ૪૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ સ્કુટર, ૨ રિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૯૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૬/૨૦૨૦</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૭/૨૦૨૦</u>**

**મણીનગરઃ** હિરેનભાઇ જયંતીભાઇ પટેલ (રહે. પરીષ્કાર-૧ ખોખરા સર્કલ ખોખરા) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૨/૨૦૨૦ સાજના ૭/30 થી તા.૨૬/૧૨/૨૦૨૦ કલાક ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર કૃષ્ણબાગ ચાર રસ્તાની બાજુમા કેસરકુંજ બીલ્ડીંગમા આવેલ દુકાન નંબર-૧૦૪,૧૦૫ હેનીલ મોબાઈલ માર્ટ નામથી મોબાઈલ એન્ડ એસેસરીજ સર્વીસની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી અલગ-અલગ કંપનીની એસેસરીજ જેમાં નેક બેન્ડ, સ્માર્ટ વોચ, એર ડ્રોપ્સ, પાવર બેન્ક, બ્લ્યુટુથ સ્પીકર, હેડ ફોન મળી અંદાજીત કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- તથા જરૂરી દસ્તાવેઝની ચોરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૮/૨૦૨૦</u>**

**મણીનગરઃ** શ્રેયા વા/ઓ રોનકભાઇ અગ્રવાલ (ઉ.વ.૩૦) (રહે. ઇશ્વરપાર્ક સોસાયટી ભૈરવનાથ ચાર રસ્તા પાસે મણીનગર) તા.૨૬/૧૨/૨૦૨૦ સાજના ૭/30 વાગ્યાના સુમારે મણીનગર મનકામેશ્વર મંદીર ભૈરવનાથ ચાર રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શ્રેયા અગ્રવાલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શ્રેયા અગ્રવાલે મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ગોસ્વામી ચલાવે છે.

**<u>ત્યજી દિધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૯/૨૦૨૦</u>**

**ગોમતીપુરઃ** તા.૨૬/૧૨/૨૦૨૦ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે ગોમતીપુર ધુળાભાઈ પટેલની ચાલી વિક્રમમીલની સામેથી ત્યજી દીધેલ તાજુ જન્મેલ નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવતા ગોમતીપુર પોલીસે અજાણી વ્યક્તિ વિરૃધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૦/૨૦૨૦</u>**

**નારોલઃ** તા.૨૬/૧૨/૨૦૨૦ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા નારોલ કૃષ્ણવિલા કોમ્પલેક્ષ કોઠારી મોટર સામે સહાય ટ્રાંસપોર્ટની ઓફીસમાં આગ લાગતા વેલજીભાઇ ગોપાલભાઇ પટેલ (ઉ.વ.૫૬) (રહે. પુષ્પ ટેનામેન્ટ મોની હોટલના ખાચામા નારોલ) દાજી જતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.આર.અમલીયાર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૪૧/૨૦૨૦</u>**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** વિક્રમસિહ બાલુજી સોલંકી (ઉ.વ.૩૮) (રહે. મઠનોવાસ ગામ-ઉદણ તા-દહેગામ જિલ્લો-ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૧૨/૨૦૨૦ સાજના ૭/૦૦ વાગ્યા પહેલા નંદીગ્રામ સોસાયટીના પાછળના ભાગે નદીના પાણીમા ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહેશદાન પ્રવિણદાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી